# ખંભાળીયાના જયુડીશીયલ મજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.ખંભાળીયા

**ફરીયાદીઃ–**

૧ ગુજરાત સરકાર

**વિરૂઘ્ઘ**

**આરોપીઓઃ–**

૧ એજાજભાઈ સીદીકભાઈ ઘાવડા,

૨ ઈમ્તીયાઝભાઈ ઉમરભાઈ રૂંજા.

**ગુનોઃ–જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબ.**

**હુકમ**

**(૧)** આ કામના આરોપીઓ વિરુઘ્ઘ જુગારધારા કલમ–૧૨(અ) મુજબના ગુનાની ચાર્જશીટ કરવામા આવેલ છે.

**(૨)** આરોપીઓને સમન્સ બજતાં આરોપીનાઓ અદાલત સમક્ષ હાજર થતાં તેઓને ધોરણસર વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. આરોપીઓને તેમની સામેના ગુનાની વિગત તથા શિક્ષાત્મક જોગવાઈ મારી સમક્ષ વાંચી બતાવી સમજાવવામાં આવી છે તેમ છતાં આરોપીનાએ તેમની સામેનો ગુનો સ્વૈચ્છાપૂર્વક કબુલ–મંજુર રાખે છે, જે નહીં માનવાને કોઈ કારણ રહેતું નથી. આરોપીઓની કબુલાત સ્વૈચ્છીક જણાતા તેનો હું સ્વીકાર કરું છું, અને આરોપીનાઓની પ્લી રેકર્ડ કરતાં અને આરોપીઓને તેણે કરેલ ગુના સબબ પુંછતા આરોપીઓએ ગુનો કર્યાનો સ્વેચ્છાપુર્વક એકરાર કરેલ છે તેમજ આરોપીઓએ સદર ગુના બાબતે કબુલાત પુરશીશ રજુ કરેલ છે જેમાં આરોપીના કુટુંબની સંપુર્ણ જવાબદારી આરોપી પર છે તેઓ તેમના ઘરનુ ગુજરાન ચલાવતા હોય નજીવો દંડ કરવા અરજ ગુજારેલ છે.

**(૩)** આરોપીઓની ઉપરોકત ગુન્હાની કબુલાત જોતાં અને આરોપીઓએ કરેલ

રજુઆત જોતાં આરોપીઓએ પોતે કરેલ ગુનાનો સ્વેચ્છાપુર્વક એકરાર કરેલ છે તથા કાયદાની રહેમ નજર રાખવા માટે અરજ કરે છે તે તમામ હકીકત તથા કેસના સંજોગો તથા કાયદામાં ફરમાવેલ દંડની જોગવાઈઓને ઘ્યાને લઈ આરોપીઓની સ્વેચ્છાપુર્વકની ગુનાની કબુલાતના આધારે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) આરોપીઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ અન્વયે જુગારધારા કલમ–૧૨(અ) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, દરેક આરોપીને રૂા.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા)નો દંડ એમ મળી કુલ રૂા.૬૦૦/–( અંકે રૂપીયા છસો પુરા)નો દંડ કરવામાં આવે છે અને દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

(૨) મુદ્દામાલના નાણાં અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવા તથા રોકડ સીવાય અન્ય કોઈ મુદામાલ કબ્જે કરેલ હોય, તો તે અંગે જો વચગાળાનો કોઈ હુકમ થયેલ હોય તો તે કાયમી રાખવો અથવા સદર મુદામાલની માલીકીની ખરાઈ કરી, પરત સોંપવો.

**આ હુકમ આજરોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ : ખંભાળીયા
તારીખ : ૧૧–૦૭–૨૦૨૬

**(એફ.આર.કોઠારીયા)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ખંભાળીયા
(કોડ નં.જી જે ૦૧૫૩૫)